# પાલનપુરના રેલવે સત્તાધીશોને ગુજરાતી ભાષા પ્રત્યે અણગમો..!!!

પાલનપુર, તા. ૨૭

બનાસકાંઠા જિલ્લાના વડામથક પાલનપુરનું રેલવે સ્ટેશન જંકશન છે. વર્ષોથી અહીંથી લાંબા રૂટની ટ્રેનો પસાર થાય છે. હાલમાં બ્રોડગેજને લીધે ઘણી ટ્રેનો આવ જા કરે છે. ત્યારે ગુજરાતના પ્રવેશ દ્વાર સમા ઉત્તર ગુજરાતના મહત્વના એવા પાલનપુર રેલવે સ્ટેશન પર બહાર આધુનિક રીતે ત્રણ ભાષાઓમાં પાલનપુર લખેલ છે. જેમાં હિન્દી, અંગ્રેજીમાં લાઈટો રાત્રે ચાલુ રહે છે અને માત્ર ગુજરાતીમાં છેલ્લે પાલનપુર લખેલ છે. એમાંજ લાઈટ રાત્રે બંધ હોય છે. તે અંગે રેલવેના સરકારી બાબુઓને જાણે ગુજરાતી પ્રત્યે અગણમો હોય તેમ અનેક રજુઆતો બાદ પણ ગુજરાતી




ભાષામાં પાલનપુર લખેલ છે. તેમાં કયા કારણોસર રાત્રે લાઈટ બંધ છે તે સમજાતું નથી.

પાલનપુર બહારથી આવતા રેલવે પ્રવાસીઓ આ જોઈને મનોમન નારજ થાય છે. કે અંગ્રેજી હિન્દીને જ મહત્વ કેમ ? ગુજરાતી ને કેમ નહીં ? ત્યારે પાલનપુર પધારેલ તત્કાલીન કેન્દ્રીય રેલ મંત્રી લાલુપ્રસાદ યાદવે પાલનપુર રેલવે સ્ટેશનના વિકાસ માટે અઢળક નાણાં આપવાની જાહેરાત કરેલ. વળી ગત રેલવે બજેટમાં પાલનપુરે એ ક્લાસનું રેલવે સ્ટેશન જાહેર કરાયેલ છે.

ત્યારે આ જંકશન પર રેલવેના પ્રવાસીઓને સુવિધાના નામે રેલવેનો ચોપડે નિર્દીષ્ટ કરાયેલ સગવડોમાં ૫૦ ટકા પણ સેવા ઉપલબ્ધ નથી. રેલવે વિભાગ પ્રવાસીઓ માટે અનેક ગાઈડલાઈન બનાવે છે. પરંતુ પ્રવાસીઓને જરૂરી સુવિધાઓ આપવામાં ઉદાસીન છે. પાલનપુરથી રાજસ્થાન અને કચ્છ તરફ અનેક મુસાફરો પ્રવાસ કરે છે. વળી ઉત્તર ગુજરાતમાનું પહેલું મોટું જંકશન છે. ગુજરાતની હદમાંનું પહેલું રેલવે જંકશન પણ છે. ત્યારે રેલવેના સત્તાધીશો સ્થાનિક અને અમદાવાદ રેલવે ડીવીઝનના સત્તાવાળાઓ તાકીદે પાલનપુર રેલવે જંકશન પર ગુજરાતી ભાષામાં લખેલ નામમાં લાઈટો ચાલુ કરાવે અને જંકશન પર પ્રવાસીઓને જરૂરી સગવડો સત્વરે પુરી પાડે તેમ રેલવે પ્રવાસીઓ તંત્ર સમક્ષ માંગણી કરી રહ્યા છે.

## માણસા શહેરમાં રાંધણગેસના બાટલા બાબતે વસાહતીઓને પરેશાની

માણસા, તા. ૨૭

માણસા શહેરી વિસ્તારમાં ઘણા સમયથી ઈન્ડેન ગેસ કંપની અને તેના વિતરકો દ્વારા રાંધણગેસના બાટલા સ્થળ ઉપર આપવામાં આવતા નથી. આથી માણસામાં ગૃહિણીઓ ત્રાસી જવા પામી છે.

માણસામાં ઈન્ડેન ગેસના બાટલા મળતા ન હોવાથી પ્રજાજનો ત્રાસી ગયા છે. જ્યારે માર્ચ-૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી આસપાસ કંપની પાર્થ ગેસ એજન્સી રદ કરી કલોલના વિતરક મારફતે વ્યવસ્થા ગોઠવાઈ હતી. પરંતુ હજુ સુધી અધિકૃત વિતરક માણસા શહેરને ફાળવવામાં આવ્યો નથી.

અત્યારે આ વિતરકો દ્વારા હેરાનગતિ થઈ રહી છે તેઓ હોમડીલીવરી પણ કરતા નથી. તેમજ મહોલ્લાઓમાં, લાઈનો લગાડી વિતરણ કરવામાં આનાકાની કરતા હોય છે. હવે તો આનો યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી લોક લાગણી ઉઠવા પામી છે.



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

## ગેનાજી ગોળીયામાં ઘાસના પૂળા આગમાં ભસ્મીભુત

ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા માં કોઈ અગમ્ય કારણોસર ઘાસ ના પુળામાં આગ ભભુકી ઉઠતા લાખોનું નુકસાન થવા પામ્યુ છે. ડીસા નજીક આવેલ ગેનાજી ગોળીયા ગામે રહેતા બાબુજી વક્તાજી ગેલોત નવા મકાનના વાસ્તુ નિમિત્તે ડીસા આવ્યા હતા. ત્યારે ઘાસના પુળા માં કોઈ અગમ્ય કારણોસર આગ ભભુકી ઉઠી હતી જેમા અંદાજીત ૧૫ લાખનું નુકસાન થવાનું મનાય છે. વિકરાળ આગમાં તમામ પુળા જોત જોતામાં ભસ્મીભૂત થઈ ગયા હતા. જોકે આગ ની જ્વાળાઓ નજીકમાં બાંધેલ પશુઓ ને લપેટ માં લે તે પહેલા આજુ બાજુના ખેડુતો બચાવ માટે આવી ગયા હતા અને અબોલ જીવો ને સલામતી સ્થળે ખસેડી દીધા હતા.

## પાલનપુરના મીડીએશન સેન્ટરમાં પડેલા ૧૧ કેસોનો નિકાલ કરાયો

પાલનપુર, તા. ૨૭

પાલનપુર કોર્ટ સંકુલમાં શરૂ કરાયેલ મીડીએશન સેન્ટરમાં આવેલી અરજીઓ પૈકી ૧૧ જેટલા કેસોનો સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લાના પક્ષકારો તેમજ જાહેર જનતાને તેમની સમસ્યાઓ ઝડપી ઉકેલ લાવવામાં મદદરૂપ થાય તે માટે મીડીએશન સેન્ટર શરૂ કરાયું છે. આ મીડીએશન પ્રક્રિયામાં તાલીમ પામેલા વકીલો મારફતે વિના મુલ્યે પક્ષકારોને સલાહ અપાય છે. ત્યારે અત્યાર સુધીમાં સિવિલ દાવા, ક્રિમીનલ કેસો તેમજ ભરણપોષણની જે અરજીઓ મળી હતી તે પૈકી ૧૧ જેટલા કેસોનો સુખદ નિકાલ કરાયો છે. જેમાં દસ વર્ષ કરતાં વધુ સમયના ત્રણ કેસોનો સમાવેશ થાય છે. પાંચ માસ અગાઉ વડી અદાલતના ન્યાયમૂર્તિ એ.એલ. દવેના વરદ હસ્તે ખુલ્લું મુકાયું હતું.

## પાલનપુરથી આબુરોડ વચ્ચે ચાલુ ટ્રેને સ્ટોપેજ પર મોબાઈલ ઝુંટવી લેનાર ઝડપાયો

પાલનપુર, તા. ૨૭

આજકાલ ટ્રેનોમાં કે બસમાં લાંબા અંતરની મુસાફરીમાં બેહોશ કરી કેફી પદાર્થ ખવડાવી સામાન કે રોકડ લુંટનાર ચોરનારની ગેંગના સમાચારો ઘટનાઓ બને છે. જ્યારે અહીં તો અમદાવાદથી આબુરોડ તરફ જતી ડેમુટ્રેનમાં થોડીક મીનીટોના સ્ટોપેજ પર જેવી ટ્રેન ચાલુ થાય અને બારીમાંથી પેસેન્જરના હાથમાંથી મોબાઈલ સેરવી ઝુંટવી ભાગી જવાનો બનાવ બનવા પામ્યો છે.



આ ઘટના અંગે પ્રાપ્ત વિગતોનુસાર અમદાવાદ બાપુનગર વિસ્તારના રહેવાસી પ્રવિણભાઈ કેશાજી ગત તા. ૧૨મી ઓકટોબર-૨૦૧૨ના રોજ અમદાવાદથી આબુરોડ તરફ જતા હતા ત્યારે પાલનપુરથી અમીરગઢ તરફ ડેમુ ટ્રેનમાં બારી પાસે બેઠેલ સરોત્રા રેલવે સ્ટેશન નજીક થોડીક જ વાર ટ્રેન ઉભી રહેતા ચાલુ ટ્રેને પ્રવિણભાઈના હાથમાંથી એક અજાણ્યો શખ્સ તેમનો મોબાઈલ ખેંચી નાસી ગયેલ. તે અંગે પ્રવિણભાઈએ પાલનપુર રેલવે સ્ટેશને ફરિયાદ આપી હતી. તે ગુ.ર.નં. ૧૫/૧૨ આઈપીસી એક્ટ ૩૭૯, ૩૫૬ મુજબ વધુ તપાસ જી.આર.પી.પી.એસ. આઈ. ટી. જે. સોલંકીએ હે.કો. નટવરસિંહ, પરેશભાઈ, પો.કો. શામલભાઈ, મોદજીભાઈએ બાતમીના આધારે ધનપુરાના રહેવાસી ભરત નટવરજી ઠાકોરને ઝડપી લઈ પ્રવિણભાઈનો મોબાઈલ બીજા બે મોબાઈલ ચોરીના જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

## ડીસા આદર્શ હાઈસ્કુલ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન

ડીસા શહેર ની જાણીતી દોશી ના.જે. આદર્શ હાઈસ્કુલ દ્વારા અત્યારે વિદ્યાર્થીઓની પરીક્ષા પુર્ણ થતા દિવાળી વેકેશન આવતુ હોવાથી રાજસ્થાનના સુપ્રસિધ્ધ જોવા લાયક સ્થળો નુ એક સુંદર શૈક્ષણિક પ્રવાસ નું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે તા. ૨૬/૧૦/૨૦૧૨ શુક્રવાર ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે ડીસા થી વિદ્યાર્થીઓ ની લકસરી બસ રવાના થયેલ જેમાં આશરે ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ છે. જેમાં વિદ્યાર્થીઓ રાજસ્થાનના સુપ્રસિધ્ધ સ્થળો જેવા કે જોધપુર, પોકરણ, રણુજા, બાબા રામદેવપીર દર્શેન, જેસલમેર , કેમલ રાઈડીંગ, સન સેટ પોઈન્ટ, લોકનૃત્ય માં સુંધામાતાના દર્શન જેવા સ્થળો ની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓને મનોરંજન તેમજ જોવા લાયક સ્થળો તેમજ ઘણી બધી માહિતીઓ વિદ્યાર્થીઓ ને મળતા આનંદ ની લાગણી સાથે પ્રવાસ ની મજા માણશે. આ પ્રવાસ સાથે શીક્ષકો માં શ્રીમતિ ડી.આર.ભૂટાની, શ્રી એ.કે.ચાવડા. તથા બિપીનભાઈ પી.રાણા ના માર્ગદર્શન અને રાહબરી ની સાથે પ્રવાસ યોજાયો હતો.

## ડીસા અને થરાદ પંથકમાં ડેન્ગ્યુની આશંકા

ડીસા, તા.૨૭

ગુજરાતના મહાનગરોમાં અનેક વખત હાહાકાર મચાવનાર ડેન્ગ્યુના મચ્છરો રાજયના તમામ વિસ્તારોમાં હોવાની આશંકા ડીસા તાલુકાના વેળાવાપૂરા ગામે એક મહિલાને ડેન્ગ્યુના લક્ષણો અને થરાદના જેતડામાં ડેન્ગ્યુથી એક મહિલાના મોતની ઘટનાથી પ્રતિતિ થાય છે.

તબીબી જગત માટે પડકાર રૂપ જીવલણ ડેન્ગ્યુને કારણે આજ સુધીમાં રાજયમાં અસંખ્ય લોકોએ પોતાના પ્રાણ ખોયા છે ત્યારે ડીસા તાલુકાના વેળાવાપૂરા ગામે એક મહિલાને ડેન્ગ્યુના લક્ષણો દેખાતા અત્યારે પાટણ ખાતે સારવાર લઈ રહી છે ત્યારે થરાદ પંથકમાં પણ ડેન્ગ્યુના શંકાસ્પદ ચિહ્નો ધરાવતા દર્દીઓ જોવા મળતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જેમાં થરાદ તાલુકાના જેતડા ગામે ડેન્ગ્યુને કારણે એક મહિલાના મોતે હાહાકાર મચાવી દીધો છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગે જીવલેણ ડેન્ગ્યુની ભયાનકતાની નોંધ લઈ તાત્કાલિક સર્વે હાથ ધરી કામગીરી શરુ કરવી જોઈએ તેવી આ વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા માંગણી કરવામાં આવી છે.

## સાબરકાંઠામાંથી હત્યાનો નાસતો ફરતો આરોપી પકડાયો

હિંમતનગર, તા. ૨૭

સાબરાંકાઠા જિલ્લાના ઈડર તાલુકાના લક્ષ્મણપુરા ગામે વર્ષ ૨૦૦૮માં કાના ઉર્ફે કનુ કનૈયાલાલ વજાજી અસોડાએ પોતાના ભાઈની હત્યા કરી નાખી હતી. તે હત્યાના ગુનામાં તેને આજીવનની સજા થઈ હતી. જે કાના ઉર્ફે કનુ કનૈયાલાલ વજાજી અસોડા ૧૯ જુલાઈ ૨૦૧૨ના રોજ વચગાળાના ૫૦૦૦ના પર્સનલ બોન્ડ પર એક મહિના માટે અમદાવાદ મધ્યસ્થ જેલમાંથી આવ્યો હતો. અને ૧૩ ઓગસ્ટ-૨૦૧૨ના રોજ પરત જવાનું હતું. પરંતુ તે છેલ્લા બે મહિનાથી નાસતો ફરતો હતો. આ અંગેની બાતમી સાબરકાંઠા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. ડી.પી. ચુડાસમાને મળેલ જે આધારે સ્ટાફે ૨૭ ઓક્ટોબર-૧૨ના રોજ શુક્રવારે સાંજે તેના ઘરેથી પકડી પાડી અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.

## હરસોલ ગામની સરકારી જમીનમાં અનઅધિકૃત ચાલતા વ્યાપાર ધંધાઓ પર તંત્રની રહેમ નજર

તાજપુર કેમ્પ, તા.૨૭

સાબરકાંઠામાં સરકારી પી.ડબલ્યુ.ડી.ની જમીનમાં મોટા પાયે અન અધિકૃત ચાલતા વ્યપાર ધંધાઓ સામે સરકારી તંત્ર આંખ આડા કાન કરી રહ્યા છે ત્યારે આ સમગ્ર મામલે સ્થાનિકજનો ભારે રોષે ભરાયા છે. અને આ અંગે જિલ્લાના કાર્યપાલક ઈજનેર યોગ્ય તપાસ કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

સાબરકાંઠાના હરસોલ ગ્રુપ ગ્રામ પંચાયતના સીમાડામાં આવેલ બ્લોક નં. ૧૧૨ પૈકી-૨, પૈકી-૧ની ૦.૫૦માં હે.આરે.ચો.મી. જમીન અગાઉ બિન ખેતી થયેલ છે. બિન ખેતી નિયમોનુસાર રાજય ધોરી માર્ગના મધ્યબિંદુથી ૪૦ મીટર સુધી બાંધકામ કરી શકાય નહીં છતાં આ બ્લોકની જમીનમાં અંબિકા વે બ્રિજ કાંટો તથા લાકડાનું કેબિન તેમજ જમવાની લૉજ ધંધા રોજગાર માટે ઉભી કરવામાં આવી છે. આ લૉજ અમદાવાદ-હરસોલ મોડાસા રાજય ધોરી માર્ગની મધ્યબિંદુથી ૩૦ મીટરની અંદર તેમજ ૨૧ મીટર દૂર અંબિકા વે બ્રિજ ઉભું કરવામાં આવ્યું છે. જે તદન નિયમ વિરુધ્ધ છે. સદર બ્લોક નં ૧૧૨ પૈકી-૨ પૈકી-૧ની કુલ ૦.૫૦માં હે.આરે.ચોમીની જમીનમાં કબજેદાર તરીકે જયસ્વાલ મહેશકુમાર ચીમનલાલનું નામ ચાલે છે તે પણ અનઅધિકૃત છે.

પરિણામે હરસોલ ગામના સીમાડામાં આવેલ બિન ખેતી ની જમીનમાં પરવાનગી સિવાય ચાલતા વ્યપાર ધંધાઓ સામે પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો છે અને આ મામલે જિલ્લાના કાર્યપાલક ઈજનેર જાતે તપાસ કરી અન અધિકૃત ચલાવતા વ્યાપાર ધંધાવાળાઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.



(તસવીર : પ્રવીણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડાના ડાંગીયા ગામે ૧૧૮ વર્ષે દેવલોક પામેલા બદ્રપુરી બાપજીની સમાધી નિમિત્તે ભંડારો યોજાયો હતો. તેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું હતું.

## ડીસાથી જૂનાગઢ બસ રાત્રે ૮ વાગ્યે શરૂ કરવા માંગ

ડીસા, તા. ૨૭

ડીસા શહેર ઉત્તર ગુજરાતમાં વેપારી ક્ષેત્રે મહત્વનું નંબર વન શહેર છે. દરે ક્ષેત્રે વેપાર-ધંધા સાથે સંકળાયેલા આ લોકો ને સૌરાષ્ટ્ર ખાતે વધુ બસ સેવા મળે તો ડીસા થી જુનાગઢ ની રાત્રે આઠ વાગ્યાની બસ શરૂ કરવા લોકોની પ્રથમ માંગ ઉઠવા પામી છે.




ડીસા જુનાગઢ બસ રાત્રે આઠ વાગ્યાની બસ અગાઉ ચાલુ હતી. અને વાયા પાલનપુર મહેસાણા હાઈવે અમદાવાદ થઈ જતી હોઈ સારી આવક પણ આ બસ લાવતી હોવા છતા ગમે તે કારણોસર આ બસ એકાએક બંધ કરી દેતા મુસાફરોને ઘણીજ તકલીફ પડે છે. આ બસ બંધ કરવા પાછળના કયા પરીબળો કામ કરી રહ્યા છે. તે જનતાને સમજાતુ નથી. સારી આવક અને મુસાફરોને અનુકુળ બસ હોવા છતા એકાએક આ બસ બંધ કરી દેતા મુસાફરોમાં રોષ ની લાગણી પ્રસરી હતી.

આ બસ ફરી ડીસા થી રાત્રે આઠ વાગ્યે વાયા પાલનપુર, ઉંઝા, મહેસાણા હાઈવે અમદાવાદ થઈ ને જુનાગઢ સવારે પહોંચે તે માટે લોકો દ્વારા વારંવાર રજુઆતો તેમજ લેખીત અરજીઓ એસ.ટી તંત્ર સમક્ષ કરવામાં આવી હતી. તો લોકોને ઉપયોગી થઈ પડે અને સારી આવક એસ.ટી.તંત્ર ને થાય તો આ બસ ચાલુ કરવા માટે એસ.ટી ના અધિકારીઓ તાકીદે આ પ્રશ્ન ને હાથ ઉપર લઈ સત્વરે ડીસા થી જુનાગઢ બસ રાત્રે આઠ વાગ્યે ચાલુ કરાવવા પ્રયત્નો કરે તેવી મુસાફરો ની ઉગ્ર માંગ અને રજુઆત છે. તો આ માટે એસ.ટી. તંત્ર ઝડપી નિર્ણય લઈ બસ ચાલુ કરે તેવી મુસાફરો ની માંગ છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન